# શહેરમાં વહેલી સવારથી જ બેંકો પર નોટો બદલવાની લાઈન
















## સેક્ટર-૧, ૩ અને પમાંથી ડેન્ગ્યુના કેસો મળી આવ્યા

### શહેરમાં કુલ આંક ૧૧૦ પર પહોંચ્યો : મેલેરિયાના કેસોમાં ઘટાડો જોવા મળ્યો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના વધુ ૩ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં ડેન્ગ્યુ પોઝીટીવ નોંધાયા હોય તેની સંખ્યા ૧૧૦ પર પહોંચી છે.

શહેરના સે. ૧, ૩ અને પમાંથી આ કેસ આજે મળી આવ્યા છે. જેમાં એક મહિલા દર્દી છે જ્યારે ૨ પુરૂષ દર્દી છે. મળતી વિગતો પ્રમાણે બે દર્દીઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે એક દર્દી ઓપીડીમાં નોંધાયેલ છે.

ગાંધીનગર શહેરમાં ગત વર્ષ જેટલા જ ડેન્ગ્યુના કેસોની સંખ્યા સુધી આ વર્ષે પણ આંક પહોંચે તેવો ભય નગરજનો વ્યક્ત કરી રહ્યા છે. જો કે અન્ય શહેરોની તુલનામાં ગાંધીનગરમાં કેસો ઓછા નોંધાયા છે.

શહેરમાં ડેન્ગ્યુમાં આ વખતે પુરૂષ દર્દીઓ મોટી સંખ્યામાં નોંધાયા છે જ્યારે સ્ત્રી દર્દીઓની સંખ્યા ઓછી છે. ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુને રોકવા માટે તંત્રએ આ વખતે પોરાનાશક કામગીરી પણ સઘન બનાવી છે. આમ છતાં છુટાછવાયા કેસો નોંધાયા છે.

આ સિઝનમાં સે. ૫, ૭, ૧૩ નવા સેક્ટરો વધુ સંવેદનશીલ બની ઉભર્યા છે. આ ઉપરાંત સે. ૨૮, ૨૨, ૧, ૩, ૮ માં પણ છુટાછવાયા કેસો મળ્યા છે. સે. ૨માં પણ ૨ થી ૩ જેટલા છુટાછવાયા કેસો નોંધાયા છે.

ડેન્ગ્યુના કેસોની સામે મેલેરિયાની કેસોની સંખ્યામાં આ વખતે ઘટાડો જોવા મળ્યો છે તે પણ ઉલ્લેખનીય છે.

## શૈક્ષણિક સંકુલ નજીક તમાકુનું ગેરકાયદે વેચાણ કરતા ૨૩ ઈસમો દંડાયા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર અને જિલ્લામાં શૈક્ષણિક સ્થળોએ તમાકુનું વેચાણ કરનાર ૨૩ થી વધુ ઈસમો પાસેથી આજે રૂ. ૧૧૦૦ જેટલો દંડ તંત્રના અધિકારીઓએ રેડ દરમ્યાન વસુલ કર્યો છે.

જિલ્લાના નોડલ ઓફિસર ડૉ. તુલશ્યાને આજે આ અંગેની વિગતો આપતાં જણાવ્યુ હતુ કે સે. ૨, ૩, ૨૩, ૨૧ અને ૨૪ તેમજ ચિલોડા અને નાના ચિલોડામાં તંત્રની ટીમ આજે ત્રાટકી હતી અને ગેરકાયદે પ્લાસ્ટીક તેમજ શૈક્ષણિક સંકુલ નજીક ગેરકાયદે તમાકુનું વેચાણ કરતા ૨૩ જેટલા ઈસમો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ આ કેમ્પેઈન હાથ ધરવામાં આવશે તેવો સંકેત આપતાં જણાવ્યું હતું કે આ અંગેનો રૂટ તૈયાર કરી દેવાયો છે. ટીમ અચાનક જ ત્રાટકશે.

ડૉ. તુલશ્યાને જણાવ્યું હતું કે અગાઉ પણ જિલ્લામાં તમાકુ વિરોધી અભિયાન ચલાવવામાં આવ્યુ હતુ અને ૩૩ હજારથી વધુ રકમની વસુલાત દંડ પેટે કરવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે તમાકુ વિરોધી અભિયાન આગામી દિવસોમાં સઘન બનાવવામાં આવશે. આ માટે અન્ય વિભાગોનો પણ સહકાર લેવામાં આવશે.

## શૌચાલયની સહાય માટે ગ્રામજનો ૪ મહિનાથી ધક્કે ચડ્યા છે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકામાં શૌચાલય માટેના બિલો ચુકવવા તેમજ સહાયના નાણાં ચુકવવા માટેની ગ્રાન્ટ છેલ્લા ચાર મહિનાથી આવી ન હોવાથી ગ્રામજનોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

ગાંધીનગર તાલુકામાં શૌચાલયોના નિર્માણની થયેલી કામગીરી અંગે સર્વેની કામગીરી પણ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા મિશનની કામગીરી ધીમી જરૂર છે પરંતુ અહિ જે શૌચાલય વિહોણા આવાસો મોટી સંખ્યામાં હતા અને તેથી કામગીરી ધીમી લાગતી હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર જિલ્લામાં ૩૦ જેટલા ગામો એવા છે જ્યાં ૧૦૦ ટકા શૌચાલયો બનાવવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

## ચિલોડાની બેંકોમાં નોટ બદલવા ગ્રાહકોની ભારે ભીડ



ચિલોડા, તા. ૧૦

કાળા નાણાંને ડામવા માટેનું મહત્વપૂર્ણ કદમ કેન્દ્ર સરકારે રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની ચલણી નોટ બંધના પગલે બે દિવસ બેંક બંધ બાદ શરૂ થતાં બેંકોમાં પૈસા ઉપાડવા અને ભરવા માટે ચિલોડા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, યુનિયન બેંક ઓફ ઈન્ડીયા અને અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક શાખામાં મોટી સંખ્યામાં રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટોના બંડલો સાથે કાઉન્ટર પર લાઈનો લગાવી હતી. દરેક વ્યક્તિ નોટ બદલવા માટે અંગ્રેજીમાં ફોર્મ સાથે બેંકનું નામ, પૈસા, ભરનારૂનું નામ, દસ્તાવેજી પુરાવા તરીકે આધારકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, ચૂંટણીકાર્ડ, પાસપોર્ટ, નરેગા કાર્ડ અને પાનકાર્ડના નંબર ઝેરોક્ષ જોડાણ કરી ફોર્મમાં ૫૦૦ અને ૧૦૦૦ની કેટલી નોટ લખી અંતમાં સહી, તારીખ અને સ્થળના લખાણ સાથે લોકો ચિલોડા શાખાની બેંકોમાં પહોંચી નાણાંની અદલાબદલી કરતા તસવીરમાં નજરે પડે છે.

## વાઈબ્રન્ટ પુર્વે કોબા હાંસોલ માર્ગની સિકલ બદલવાનુ કામ આરંભાયું

### કોબા હાંસોલ માર્ગના નવિનીકરણ તેમજ બ્યુટીફિકેશન માટે રૂ ૧૦ કરોડ ખર્ચાશે

ગાંધીનગર તા ૧૦

કોબા હાંસોલ માર્ગને ચકાચક બનાવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. આગામી જાન્યુઆરી મહીનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગનુ બ્યુટીફિકેશન પણ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૦ કરોડનો ખર્ચ થશે. માર્ગના સરફેસીંગના કામ ઉપરાંત કેટ આઈ તેમજ થર્મોપલાસ્ટના પટ્ટા પણ લગાવાશે વાઈબ્રન્ટ પુર્વે કામગીરી પુર્ણ કરી દેવાશે.

દિવાળી બાદ હવે શહેર તેમજ જિલ્લાને જોડતા વિવિધ માર્ગોનુ નવિનીકરણ હાથ ધરાશે. શહેરમાં પણ સેકટરાના આંતરિક માર્ગોની સુધારણા માટે તંત્ર દ્વારા માર્ગ મકાન વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જયારે તબક્કાવાર દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ કામ હાથ ધરાશે. જિલ્લામાં પણ મોટાભાગના રસ્તાઓના કામને મંજુરી આપી દેવામાં આવી છે. શહેરના મુખ્ય ચ માર્ગના નવિનીકરણનુ કામ પણ વાઈબ્રન્ટ પુર્વે પુર્ણ કરવામાં આવશે. હાલ ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે કોબા હાંસોલ માર્ગને ચકાચક બનાવવા પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન આ માર્ગ પર વી વી આઈ પી ઓની વિશેષ અવરજવર રહેતી હોવાના લીધે ત્વરિત આ માર્ગની સુધારણા માટે તંત્રની ટીમ કામે લાગી છે. કોબા હાંસોલ માર્ગની સપાટી છેલ્લા કેટલાક સમયથી ખરબચડી થઈ ગઈ હોવાથી આ માર્ગનુ પેવરીંગ કામ હાથ ધરાયુ છે.

આ ઉપરાંત માર્ગના બ્યુટીફિકેશનનુ કામ પણ હાથ ધરાશે જેમાં થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ કેટ આઈ લગાવાશે. માર્ગની કામગીરી ઉપરાંત વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જને યોગ્ય કરવા પણ કામ હાથ ધરાશે . જેમાં જરૂરી ઠેકાણે રીપેરીંગ કરી કલરકામ પણ કરવામાં આવશે. આ કામગીરી પાછળ રૂ ૧ કરોડનો ખર્ચ થશે. જયારે માર્ગના પેવરકામ પાછળ રૂ ૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ૧૨ કીમી ના આ માર્ગને યોગ્ય કરવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ ત્વરિત અસરથી કામ શરૂ કરી દેવાયુ છે.

## ચેકપોસ્ટ પર નાણા ભરવા ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વીકારવા નિર્ણય કરાયો

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યની આરટીઓ ચેક પોસ્ટ પર પસાર થતા વાહનો પાસેથી દંડના ભાગરૂપે લેવાની થતી માંડવાળ ફી ભરવા માટે વાહન ધારકોને સાંપ્રત પરિસ્થિતિમાં મુશ્કેલી પડી રહી હોવાથી રાજ્ય સરકાર દ્વારા ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વીકારવાનો નિર્ણય કરેલ છે. ચેકપોસ્ટ પર દંડની રકમ પેટે રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટ નહિ સ્વીકારતી હોવા અંગે વાહન વ્યવહાર મંત્રી વલ્લભાઈ કાકડીયાને જુદા જુદા વાહનો ધારકો તરફથી રજુઆતો મળેલ હતી.

રાજ્ય સરકાર દ્વારા આ બાબતે નિર્ણય કરતા તમામ જિલ્લાના કલેક્ટરને પત્ર લખી ચેક પોસ્ટ નજીક કામચલાઉ બેંકની શાખા ખોલવાની વ્યવસ્થા કરવા જણાવેલ છે જેથી સ્થળ પર જ રૂ. ૪૦૦૦ની મર્યાદામાં નાણા બદલી શકે, આ ઉપરાંત વાહનધારક ડીમાન્ડ ડ્રાફ્ટ મારફત પણ દંડની રકમ ચૂકવી શકે તે માટે પરવાનગી આપેલ છે. આમ વાહન ધારકોની હાલાકી દુર કરવા માટે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કરેલ છે. તેમ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સ્વચ્છ ભારત અભિયાનમાં પહેલા શૌચાલય બનાવી જ દીધા હતા... અમારા મંત્રાલયને ખ્યાલ જ હતો... કે અમારા આ નિર્ણય પછી કાળાબજારીયાને તેની જરૂર પડશે જ...

## દશેલાની ટીમ ચૌધરી વિલેજ ક્રિકેટ કપ જીતી

### લક્ષ્મીપુરા-માધવગઢના યજમાન પદે સાદરાની મહાદેવભાઈ દેસાઈ વિદ્યાપીઠ ખાતે યોજાયેલ ટૂર્નામિન્ટમાં જિલ્લાના ૧૦ ગામોના આંજણા ચૌધરી સમાજની ટીમોએ ભાગ લીધો હતો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના સાદરા ખાતે તાજેતરમાં મહાદેવભાઈ દેસાઈ શારિરીક શિક્ષણ વિદ્યાપીઠ ખાતે ઉપમા ચૌધરી વિલેજકપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે સ્પર્ધાની ફાઈનલ મેચમાં દશેલા ગામની ટીમે વાસણા ચૌધરી ગામની ટીમને હાર આપી આ વિલેજ કપ જીતી લીધો છે.

ગાંધીનગર જિલ્લાના આંજણા ચૌધરી સમાજ દ્વારા છેલ્લા ૩૫ વર્ષથી ચૌધરી વિલેજ કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. આ ટૂર્નામેન્ટમાં લક્ષ્મીપુરા, માધવગઢ, હાલીસા, છાલા, ગિયોડ, દશેલા, કાનપુર, વાસણા ચૌધરી, ધણપ તથા આલમપુરા ગામના ચૌધરી સમાજના યુવાનોની ટીમો ભાગ લે છે. આ વર્ષે આ ટુર્નામેન્ટ લક્ષ્મીપુરા-માધવગઢ ગામના યજમાન પદે સાદરા ખાતેના મહાદેવભાઈ દેસાઈ શારીરિક શિક્ષણ વિદ્યાપીઠ ખાતે યોજવામાં આવી હતી. આ ટુર્નામેન્ટનો પ્રારંભ તા. ૨૫મી ઓકટોબરે થયો હતો અને આજે તેનું સમાપન થયું હતું.



આ ટૂર્નામેન્ટની સેમી ફાઈનલમાં લક્ષ્મીપુરા સામે દશેલા તથા છાલા સામે વાસણા ચૌધરી ગામની ટીમો ટકરાઈ હતી. ફાઈનલ મેચ દશેલા અને વાસણા ચૌધરી ગામની ટીમો વચ્ચે રમાઈ હતી. જેમાં દશેલાની ટીમે ભવ્ય વિજય મેળવી ઉપમો ચૌધરી વિલેજ કપ જીતી લીધો હતો.

જાહેર નિવિદા

Vibrant GUJARAT 2017

ઓળખકાર્ડની કલર પ્રિન્ટીંગ અને લેમીનેશનની કામગીરી બાબત

હાથશાળ-હસ્તકલાના કારીગરોના ઓળખકાર્ડની કલર લેસર પ્રિન્ટીંગ તેમજ લેમીનેશનની કામગીરી કરી આપવા **ગાંધીનગર સ્થિત** રસ ધરાવનાર સંસ્થા / પાર્ટીઓ પાસેથી ઓફર મંગાવવામાં આવે છે. આ માટેનું ટેન્ડર ઈન્ડેક્ષ્ટ-સીની ગાંધીનગર ખાતેની કચેરીએથી જાહેરાત પ્રસિદ્ધ થયેથી કામકાજના દિવસો દરમિયાન (જાહેર રજા તથા રવિવાર સિવાયના દિવસો) **તા. ૧૭/૧૧/૧૬ના બપોરના ૧૬.૦૦ કલાક સુધી મેળવી આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા. ૨૧/૧૧/૧૬ સુધીમાં સીલબંધ કવરમાં ટેન્ડર કવર ઉપર 'ઓળખકાર્ડની કલર લેસર પ્રિન્ટીંગ તેમજ લેમીનેશન કામગીરીનું ટેન્ડર'** તેમ સ્પષ્ટ અક્ષરોમાં લખી મોકલી આપવાના રહેશે. આ પ્રકારના લખાણ વગરનું ટેન્ડર માન્ય ગણાશે નહીં. નોન-રીફંડેબલ ટેન્ડર ફી પેટે રૂ. ૧૦૦/- રોકડા અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ ભરી ટેન્ડર મેળવી શકાશે.

**કાર્યવાહક નિયામક**
**ઈન્ડેક્ષ્ટ-સી, બ્લોક નં. ૭/૧, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.** ● **ઈ-મેઈલ :** exdire-indext-C@gujarat.gov.in

INDEXT-c

**માહિતી/૧૯૭૩/૧૬-૧૭**